# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

મહેકમ વિભાગ -બ

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે.૨૨૦

ઈ-મેઈલ : estab@sauuni.ac.in

Accredited Grade "A" by NAAC (3rd Cycle)


નં.મહેકમ-બ/૪/ ૭૯૪ /૨૦૨૦

તા. ૧૬ / ૦૯/૨૦૨૦

પરિપત્ર :-

આથી યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગના વડાઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટી સ્થિત વિવિધ સેન્ટર્સ / ચેર્સ / હોસ્ટેલના વડાઓને જણાવવામાં આવે છે કે, હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (COVID - 19 ) ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. રાજકોટ શહેરમાં પણ કોરોના પોઝીટીવ કેસો નોંધાયેલા છે.

તાજેતરમાં યુનિવર્સિટીમાં કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા વધતી જતી હોય આ સ્થિતિમાં કોરોનાના ઝડપી સંક્રમણને અટકાવવા તકેદારી ભાગ રૂપે આપના વિભાગ / ભવન / ચેર્સ / સેન્ટર્સ / હોસ્ટેલમાં ફરજ બજાવતાં શૈક્ષણિક / બિન શૈક્ષણિક / કોન્ટ્રાકટ બેઇઝ કર્મચારી પૈકી જે કર્મચારીને કોરોનાનો રીપોર્ટ પોઝીટીવ આવેલ છે અથવા તેમના કુટુંબના સભ્યો પૈકી કોઈ કોરોના પોઝીટીવ હોય અથવા તો તેમના નિવાસ સ્થાનને ક્વોરેનટાઈન કરેલ હોય તો તેની જાણ આધારસહ તાત્કાલિક વિભાગના વડા મારફત મહેકમ - બ વિભાગને કરવા વિનંતી છે.

16/9/20

ઈ/ કુલસચિવ

પ્રતિ,

(૧) યુનિવર્સિટીના તમામ વિભાગ / ભવન / ચેર્સ / સેન્ટર્સના વડાઓ

<u>નકલ સાદર રવાના</u> :-

માન.કુલપતિશ્રી / માન.ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,

<u>નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે</u> :-

(૧) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે )

(૨) S.O ફાઈલ



D/ Estab2020/Drashty/Paripatra